# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

**********************************************************

**1)** લોહ પુરુષ સરદાર પટેલની 150મી જન્મજંયતિ પર કૃતજ્ઞ રાષ્ટ્રની શ્રધ્ધાંજલી- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સરદાર સાહેબને શ્રધ્ધાંજલી અર્પીને તેમને રાષ્ટ્ર નિર્માતા ગણાવ્યાં

**2)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાતના એકતાનગરમાં સરદાર પટેલની 150મી જન્મજયંતિએ એકતા પરેડનું નિરીક્ષણ કરશે

**3)** દીલ્હી ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એકતા દોડનો આરંભ કરાવ્યો

**4)** ત્રીજા ધોરણથી બધી શાળાઓમાં કૃત્રિમ બુદ્ધિમતા પરનો અભ્યાસક્રમ શરૂ કરાવાની સરકારની જાહેરાત.

**5)** મહિલા ક્રિકેટ વિશ્વ કપની બીજી સેમિફાઇનલમાં ઓસ્ટ્રેલિયાને હરાવી ભારતે ફાઇનલમાં પ્રવેશ કર્યો.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PRESIDENT PUSHPANJALI

આજે સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હી ખાતે લોખંડી પુરૂષ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પી હતી.. તેમણે સરદાર પટેલની જન્મજયંતિની શુભકામના પાઠવતા સોશિયલ મીડિયા પોસ્ટમાં સરદાર પટેલને દૂરદર્શી નેતા અને રાષ્ટ્ર નિર્માતા તરીકે લેખાવ્યા હતા...

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ સરદાર પટેલને નવી દિલ્હી ખાતે પુષ્પાંજલી અર્પી હતી..

# PM-EKTA-DIVAS

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આજે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી માટે ગુજરાતના એકતા નગરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ભવ્ય રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવણીમાં રાષ્ટ્રનું નેતૃત્વ કરશે. આ કાર્યક્રમમાં ભારતની એકતા અને વિવિધતા દર્શાવતી ભવ્ય પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને શ્રદ્ધાંજલિ રજૂ કરવામાં આવશે. સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણી માટે દર વર્ષે ૩૧ ઓક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવવામાં આવે છે.

આ દિવસ રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત છે. તે નાગરિકોને તેમના રાષ્ટ્ર અને સંસ્કૃતિ પર ગર્વ લેવા માટે પણ પ્રોત્સાહિત કરે છે.

(VOICE CAST: CHAITALI JOSHI)

# PM-NATIONAL-UNITY-DAY

આજે રાષ્ટ્ર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને તેમની ૧૫૦મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપે છે. આ દિવસને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે, જે સ્વતંત્રતા પછી ભારતને એક કરવામાં સરદાર પટેલે ભજવેલી સ્મારક ભૂમિકાને ઉજાગર કરે છે.

સાંભળીએ એક અહેવાલ ...

(VOICE CAST: HARSHAL PANDYA)

# EKTA RUN

દિલ્હી ખાતે મેજર ધ્યાનચંદ મેદાન ખાતેથી એકતા દોડનો આરંભ કરાયો હતો..

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને દિલ્હીના મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં આ દોડ યોજાઇ હતી... આઝાદીના આંદોલનમાં સરદાર પટેલની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હોવાનું અમિત શાહે જણાવ્યું હતું.

(બાઇટ- અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)

સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે દેશભરના અનેક સ્થળોએ એકતાદોડ યોજાઇ રહી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PM-MODI--ARYAN-SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાંજે નવી દિલ્હીના રોહિણી ખાતે આંતરરાષ્ટ્રીય આર્ય સમિટ 2025 માં ભાગ લેશે. આ કાર્યક્રમ મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની 200મી જન્મજયંતિ અને આર્ય સમાજની સમાજ સેવાના 150 વર્ષની ઉજવણી નિમિત્તે જ્ઞાન જ્યોતિ મહોત્સવનો એક ભાગ છે. પ્રધાનમંત્રી આ પ્રસંગે સભાને પણ સંબોધિત કરશે.

આ સમિટ ભારત અને વિદેશમાં આર્ય સમાજ એકમોના પ્રતિનિધિઓને એકસાથે લાવશે, જે મહર્ષિ દયાનંદના સુધારાવાદી આદર્શોની સાર્વત્રિક સુસંગતતા અને સંગઠનના વૈશ્વિક આઉટરીચને પ્રતિબિંબિત કરશે.

સત્તાવાર નિવેદન અનુસાર, તેમાં "સેવાના 150 સુવર્ણ વર્ષ" નામનું એક પ્રદર્શન પણ રજૂ કરવામાં આવશે, જેમાં શિક્ષણ, સામાજિક સુધારણા અને આધ્યાત્મિક ઉત્થાનમાં યોગદાન દ્વારા આર્ય સમાજની પરિવર્તનશીલ યાત્રા

દર્શાવવામાં આવશે. આ સમિટનો ઉદ્દેશ્ય મહર્ષિ દયાનંદ સરસ્વતીના સુધારાવાદી અને શૈક્ષણિક વારસાને સન્માનિત કરવાનો, શિક્ષણ, સામાજિક સુધારણા અને રાષ્ટ્ર નિર્માણ અને સ્વદેશી મૂલ્યોમાં આર્ય સમાજની સેવાના 150 વર્ષની ઉજવણી કરવાનો, વિકસીત ભારત 2047 સાથે સુસંગતતા રાખવાનો છે.

# EDUCATION-AI

કેન્દ્ર સરકારે જાહેરાત કરી છે કે ત્રીજા ધોરણથી બધી શાળાઓમાં કૃત્રિમ બુદ્ધિમતા પરનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે. શિક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પહેલ જટિલ પડકારોને ઉકેલવા માટે AI ના નૈતિક ઉપયોગ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

આ ટેકનોલોજીને ધોરણ 3થી શરૂ કરીને પાયાના સ્તરથી જ શરૂ કરવામાં આવશે. તેઓએ જણાવ્યું હતું કે કૃત્રિમ બુદ્ધિમતા શિક્ષણ મજબૂત બનાવશે. મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ કૃત્રિમ બુદ્ધિ વિચારસરણી પર અભ્યાસક્રમ વિકસાવવા માટે IIT મદ્રાસના પ્રોફેસર કાર્તિક રમનની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી છે.

નવી દિલ્હીમાં CBSE, NCERT, KVS, NVS અને બાહ્ય નિષ્ણાતો સહિત નિષ્ણાત સંસ્થાઓને એકસાથે લાવીને હિતધારકોની પરામર્શ યોજાઈ હતી.

પરામર્શમાં બોલતા, શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગના સચિવ સંજય કુમારે ભાર મૂક્યો હતો કે AI માં શિક્ષણને આપણી આસપાસની દુનિયા સાથે જોડાયેલ મૂળભૂત સાર્વત્રિક કૌશલ્ય ગણવું જોઈએ.

# BIHAR ELECTION

બિહારમાં વિધાનસભા ચૂંટણીને લઈ તમામ રાજકીય પક્ષ પૂરજોશમાં પ્રચાર કરી રહ્યા છે. રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન – NDA અને મહાગઠબંધન બંનેના અગ્રણી પ્રચારક તથા વરિષ્ઠ નેતાઓ મતદારોને આકર્ષવા વિવિધ ચૂંટણી સભાઓ કરી રહ્યા છે.

શ્રી મોદીએ  છપરામાં બીજી ચૂંટણી સભા સંબોધી હતી. સાંભળીએ એક રિપોર્ટ

(V/C- DHARMENDRA-RAI)

# SHIVRAJ--FPO-SAMAGAM

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું છે કે દેશમાં અત્યાર સુધીમાં દસ હજાર ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO) સ્થપાયા છે. આમાંથી કેટલાક FPO નું ટર્નઓવર એકસો કરોડ રૂપિયા સુધી પહોંચ્યું છે. ગઈકાલે નવી દિલ્હીમાં બે દિવસીય FPO સમાગમ 2025 ને સંબોધતા ચૌહાણે જણાવ્યું હતું કે અગિયારસો FPO કરોડપતિ બન્યા છે.

ચૌહાણે જણાવ્યું હતું કે સરકાર અર્થતંત્રને વેગ આપવા અને કૃષિ ઉત્પાદનમાં વૈવિધ્ય લાવવા માટે કૃષિ ક્ષેત્રમાં સંકલિત ખેતીને પ્રોત્સાહન આપી રહી છે

(BYTE: SHIVRAJ-SINGH)

# WOMEN-S-CRICKET

ICC મહિલા ODI વિશ્વ કપમાં, ભારતે ગઈકાલે રાત્રે નવી મુંબઈમાં રમાયેલી સેમિફાઇનલ મેચમાં ઓસ્ટ્રેલિયાને 5 વિકેટથી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો. 339 રનના લક્ષ્યનો પીછો કરતા, ભારતે 5 વિકેટ હાથમાં અને 9 બોલ બાકી રહેતા લક્ષ્યને પાર કરી લીધું.

---

**અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર**

- **મુંબઇમાં સ્ટુડીઓમાં હાઇ વૉલ્ટેજ ડ્રામા : બાળકોને બંધક બનાવ્યા ને ગુજરાત સમાચારે  મુખ્ય શીર્ષક બનાવ્યું છે**
- **સંદેશે અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ ડીલ : હસ્તાક્ષર બાકી ને હેડ લાઇન બનાવી છે.. જયારે નવ ગુજરાત સમયે જિનપિંગ સાથેની બેઠક પછી ટ્રમ્પે ચીનની ટેરિફ ઘટાડી ના સમાચારને હેડ લાઈન બનાવી છે..**